રજુ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
દાખલ તારીખ : ૧૬/૦૬/૨૦૨૬
ફૈંસલ તારીખ : ૨૩/૦૬/૨૦૨૬
<u>અવધિ :</u> <u>વર્ષ : માસ : દિવસ :</u>
૦૦ : ૦૦ : ૦૬ :

**<u>આણંદ જીલ્લાના મહે. બીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં,</u>**

**<u>મુ. પેટલાદ.</u>**

<u>ફોજદારી પરચુરણ અરજી **નં.– ૮૭ /૨૦૨૬.**</u>

**આંક :**

**જનકભાઈ ઉર્ફે ભુરીયો રમેશભાઈ પટેલ.**
ઉ.વ.૩૫, ધંધો.ખેતી, રહે.ગાડા, ઠે.જુની બેં
કવાળુ ફળીયું, તા.સોજીત્રા, જી.આણંદ.
(હાલે જયુડીશીયલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત)

... અરજદાર

**<u>વિરૂઘ્ધ</u>**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત.**
(નોટીસ થ્રુ આસી. સરકારી વકીલશ્રી, પેટલાદ)

... સામાવાળા

**બાબત : <u>ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી</u>**

<u>અરજદાર તરફે : વિ. વકીલ શ્રી એસ. એમ. રોહીત</u>

<u>સામાવાળા તરફે :વિ.એ. પી. પી. કુ.જે.એચ.રાઠોડ.</u>

## -:: ઠ રા વ ::-

(૧) આ કામનાં અરજદાર/આરોપીને **સોજીત્રા પો.સ્ટે. ના** ગુ.રજી. નં. ૧૧૨૧૫૦૨૫૨૬૦૦૮૨/૨૦૨૬ બી.એન.એસ. ની કલમ- ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૭, ૩૩૮, ૩૪૦(૨) મુજબના કામે અટક કરેલ હોય, અરજદાર /આરોપીએ નીચેની કોર્ટમાં મુકેલી જામીન અરજી નીચેની કોર્ટે નામંજુર કરતા અત્રેની અદાલતમાં બી.એન.એસ. એસ. ની કલમ-૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત કરવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે અરજદાર/આરોપી સામેના ગુનાની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૭/૧૦/૨૦૨૫ કલાક ૧૦/૦૦ થી કલાક ૧૮/૧૦ વાગ્યે મોજે- સોજીત્રા, મામલતદાર કચેરી, તા-સોજીત્રા, જી.આણંદ ખાતે આ કામના ફરિયાદી તેમજ સાહેદ નંબર- ૧૧ ની મોજે- ગાંડા, તા-સોજીત્રા, જી.આણંદ ખાતે આવેલ સર્વે નંબર- ૯૧૧ ખાતા નંબર ૬૦૦ ની વડીલો પાર્જીત જમીન ફરિયાદીના નામની ખોટી સહીઓ તેમજ અંગુઠાના નિશાન તેમજ સાહેદ નંબર-૧૧ ના અંગુઠાના નિશાન કરી કરાવડાવી તેમજ ફરિયાદીના નામનો ખોટો પાવર ઓફ એટર્ની કરી કરાવડાવી ફરિયાદીની ખોટી સહીઓ તેમજ અંગુઠાના નિશાન તેમજ પાવર ઓફ એટર્ની ખોટુ હોવાનુ જાણવા છતા પણ સાચા તરીકે ઉપયોગ કરી આર્થિક ફાયદો મેળવવા માટે યાદી તથા સાહેદ નંબર-૧૧ ની સદર જમીન સાહેદ નંબર-૧૨ ને તા. ૧૭/૧૦/૨૦૨૫ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નંબર ૧૩૬૭/૨૦૨૫ થી વેચાણ દસ્તાવેજ કરી જમીન વેચી દઇ ગુનો કરેલ. તપાસ દરમ્યાન હાલના અરજદાર/આરોપીની સદરહુ ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલી.

(૩) અરજદાર/આરોપી તર્ફે વિધ્વાન વકીલશ્રીની દલીલ મુજબ, અરજદાર/આરોપીઓ હાલ ખંભાત જેલમાં હોય અને તેઓના ઘર પરિવાર થી વિખુટા છે. હાલ તેઓના પરિવારને આ કામના આરોપીઓની ખુબજ જરૂર છે અને તેઓના ઘરમાં વયો વૃધ્ધ માતાશ્રી તેમજ તેઓના પત્ની અને બે નાના

નાના સંતાનો છે અરજદાર જ તેઓનો એક માત્ર સહારો હોય જામીન ઉપર મુક્ત કરવા જણાવેલ છે. તેઓએ જણાવેલ છે કે આરોપી હાલ ઉપરોકત જણાવેલ સરનામે જ રહે છે અને તે તેમનુ કાયમી રહેઠાણ છે તેમજ સ્થાવર જંગમ મીલ્કતો ધરાવે છે. આરોપી/અરજદાર નાશી ભાગી જાય તેવા નથી તથા ઉપરોક્ત ફરીયાદમાં દર્શાવેલ પ્રમાણેનો ગુનો આરોપીએ કરેલ નથી અને શકના આધારે તેમનુ નામ સરનામુ રજુ કરેલ છે અને આરોપીએ ગુનો કરેલ ન હોય તેમ છતા ખોટી રીતના ધરપકડ કરી સદર ગુના કામે સંડોવણી કરેલી છે. જેથી પણ સદર ગુનાના કામના અરજદારને જામીન પર મુક્ત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે. અરજદાર / આરોપી નામદાર કોર્ટ ફરમાવશે તેવા સધ્ધર જામીન આપવા તથા નામદાર કોર્ટ ફરમાવશે તેવી તમામ શરતોનું પાલન કરવા ખુશી છે તથા તથા તપાસ પુર્ણ થયેલ હોય અરજદાર / આરોપી ઉપર કહેવાતા કેસની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં લાંબો સમય જાય તેમ અરજદારને જો જામીન ઉપર મુક્ત કરવામાં ના આવે તો અરજદારને પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. તેઓએ તેમની દલીલના સમર્થનમા નામદાર સર્વોચ્ચ વડી અદાલત સંજયચંદ્રા વિરુધ્ધ સી.બી.આઈ. (૨૦૧૨)૧ SCC 40 તથા સિદ્ધરામ સ્ટેલી ગપ્પા મહેત્રે વિ. સ્ટેટ ઓફ મહારાસ્ટ્રના ચુકાદાને ધ્યાને લઈ “જેલ એ અપવાદ છે અને જામીન એ નિયમ છે” ના સિધ્ધાંતને ધ્યાને લઈ સદર કામના અરજદારને જમીન ઉપર મુક્ત કરવાનો હુકમ ન્યાયના હિતમાં કરવા જણાવેલ છે.

(૪) અરજદારની અરજી સંદર્ભે સામાવાળાને નોટીસ કરતા આ કામે સામાવાળા તરફે વિ. સરકારી વકીલ કુ. રાઠોડે ભારપુર્વક રજુઆત કરેલી કે, આ કામે અરજદાર/આરોપી સામે બી.એન.એસ. ની કલમ– ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૭, ૩૩૮, ૩૪૦(૨) મુજબનો ગંભીર ગુનાનો આરોપ છે. હાલના ગુના સંબધેની ફરીયાદ અરજદાર/આરોપીના નામ જોગ આપવામાં આવેલ હોવાથી અરજદાર/આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય મજબૂત કેસ જણાય આવે છે તેમજ હાલ ગુનાની તપાસ ચાલુ છે અને જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત

કરવામાં આવે તો ફરીથી ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાય શકે છે તથા પુરાવા સાથે ચેડા થવાની પુરેપુરી સંભાવના રહેલ છે તેમજ નાસી–ભાગી જાય તેમ હોવાથી અરજદાર/ આરોપીને જામીન ઉપર મુકત ન કરવા રજુઆત કરેલી છે.

(૫) ઉભય પક્ષે લંબાણ પુર્વક સાંભળ્યા. તપાસ કરનાર અધિકારીની એફ.આઈ.આર. ની નકલ અને કેસ પેપર્સ ધ્યાને લેવામાં આવ્યા. કેસ પેપર્સ ઉપરથી ફલીત થાય છે કે, આ કામના આરોપી વિરુધ્ધ બી.એન.એસ. ની કલમ– ૩૩૬(૨), ૩૩૬(૩), ૩૩૭, ૩૩૮, ૩૪૦(૨) મુજબનો આક્ષેપ છે. એફિડેવીટ તથા કેસ પેપર્સ વંચાણે લીધા. આ કામે આરોપી સામે ચાર્જશીટ થઈ ગયેલ છે. રજુ થયેલ એફિડેવીટ તથા કેસ પેપર્સ વંચાણે લેતા આરોપી દ્વારા ખોટુ પાવર ઓફ એટર્ની બનાવી ફરિયાદી તથા સાહેદ નં.૧૧ ની જમીન સાહેદ નં.૧૨ ને તા.૧૭/૧૦/૨૦૨૫ ના રોજ રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપી તે જમીનના રોકડા નાણા તથા દસ્તાવેજમા જણાવેલ રકમ પોતાની બેંકના ખાતામાં મેળવેલાનો આક્ષેપ છે. આમ,રજુ થયેલ પેપર્સ થકી પ્રથમ દર્શનિય રીતે આરોપીએ વેચાણ દસ્તાવેજની રકમ પોતાના ખાતામાં મેળવવાનુ જણાઈ આવે છે. આ રકમ મુળ ફરિયાદી કે સાહેદે પરત આપેલ હોય તેવુ પ્રથમ દર્શનિય રીતે જણાતુ નથી. આરોપીનુ ચાર્જશીટ થયેલ હોવા માત્રથી કેસના સંજોગોમાં કોઈ ફેર પડતો નથી. આમ, ઉપરોક્ત કારણોસર આરોપીનો ગુનામાં સંગીન રોલ જણાઈ આવતો હોય અત્રેની અદાલતે આરોપીની તરફેણમાં અરજદાર/ આરોપીને વિવેકાધીન સત્તાના આધારે જામીન ઉપર મુકત કરવા વ્યાજબી જણાઈ આવતું ના હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –::હુકમ::–

૧. આ કામના અરજદાર/આરોપી **જનકભાઈ ઉર્ફે ભુરીયો રમેશભાઈ પટેલ.** ઉ.વ.૩૫, ધંધો.ખેતી, રહે.ગાડા, હે.જુની બેંકવાળુ ફળીયું,

તા.સોજીત્રા, જી.આણંદ. (હાલે જયુડીશીયલ કસ્ટડીમાં/સબ જેલ ખંભાત) નાઓની આ જામીન અરજી આથી **''નામંજુર ''** કરવામાં આવે છે.

આ ચુકાદો આજ તારીખ : ૨૩ , માહે : જૂન , સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ:- ૨૩/૦૬/૨૦૨૬ (ઝંખના વી. ત્રિવેદી)

સ્થળ :- પેટલાદ. બીજા અધિક સેશન્સ જજ, પેટલાદ

**GJ-00676**

*સ્ટેનો- ડીજે.સોલંકી.*